Postal Regd. No. GRJ-24
Valid Up to 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. L] FRIDAY, 20TH FEBRUARY, 2009/PHALGUNA 1, 1930 [No. 14

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૬૧ (પરવટ-ગોડાદરા)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/૭૫૭૭/૨૦૦૯.- આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૯ (પરવટ-મગોબ).

દક્ષિણે : સુચિત નગર રચના યોજના નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી)

પૂર્વે : દેવધ ગામનો સીમાડો.

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯ (ઉધના-લીંબાયત) અને મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૦ (ડીંડોલી).

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની નકલ જમીન માલિકો/હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાના, નોટિસ બોર્ડ પર, રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાના નોટિસ બોર્ડ પર, રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

---

## સુરત મહાનગરપાલિકા

### મોજે : ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) તૈયાર કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/આ/૭૫૭૦/૦૯.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬નાં હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવા સદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧૦/૨૦૦૯ તા. ૧૩-૦૨-૨૦૦૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૨માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ પર, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

### ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૩-૦૨-૨૦૦૯નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૨-૦૨-૨૦૦૯નાં પત્ર નં. સીમીસ/૮/૫૧ થી વિદિત થઈ, ફાઈલના પાના નં. ૧૦૫ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સુચિત નગર રચના યોજના સુરત નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૦/૦૯ સર્વાનુમતે મંજૂર